


# આરોગ્યનું આધિપત્ય

'યુદ્ધ' શબ્દ સાંભળતા જ સૌ કોઈ માનવીનાં હૃદય કંપી ઊઠે છે. ભલે તે વિશ્વયુદ્ધ હોય કે પછી નાના દેશો વચ્ચે થતાં ઠંડાં યુદ્ધો. તો આજે હું તમને એવાં જ એક યુદ્ધની વાત કહું. તો મિત્રો, શું તમારે જાણવું છે કે આ યુદ્ધમાં કોણ જીતે છે અને પોતાની સુરક્ષા કેવી રીતે કરે છે? તો ચાલો ત્યારે, હું તમને કહું!

ઘણાં સમય પહેલાંની આ વાત છે. 'ધ યુનાઇટેડ ફૂડ્સ ઑફ અન્નપુર' નામનો એક વિશાળ અને સમૃદ્ધ દેશ હતો. તે દેશમાં ફળપુર, શાકપુર, કઠોળનગર જેવાં અનેક રાજ્યો હતાં. તે રાજ્યના લોકોનું સરેરાશ આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું. સૌ કોઈ પ્રેમાળ અને તંદુરસ્ત હતા. તે દેશનું મિશન બધા માનવીઓનાં આરોગ્યને સ્વસ્થ રાખવાનું હતું તેથી તે દેશ 'ધ વેલ્ધી ફૂડસ ઑફ અન્નપુર' તરીકે પણ પ્રખ્યાત હતો.

આ દેશનાં રાજા અને રાણી સુંદર, જ્ઞાની અને સમજદાર હતાં. તેથી જ આ દેશ આટલો સમૃદ્ધ અને વિકસિત હતો. આ દેશમાં એવું નહોતું કે રાજ્યમાં શાસન કરનાર ફક્ત રાજાઓ જ હતા, પરંતુ ઘણાં રાજ્યોનું શાસન રાણીઓ પણ કરતી હતી. જેમ કે, ફળપુરનું શાસન 'ધ ગ્રેટ ક્વીન કેરી' કરતી હતી, તો બીજી બાજુ શાકપુરનું શાસન શૂરવીર સમ્રાટ બટાકા દ્વારા થતું હતું.

એક દિવસે બાજુના દેશ ચટપટાપુરથી એક બ્રેડ તે દેશમાં ફરવા આવી. તે આ દેશના લોકોનો કામ કરવાનો ઉત્સાહ અને તંદુરસ્ત જીવનથી ખૂબ પ્રભાવિત થઈ. અહીંના નાગરિકો એકબીજાનો આદર કરતા હતા અને સાથે સંપથી રહેતા હતા તેથી તેણે આ દેશમાં વસવાનું નક્કી કર્યું. ત્યારબાદ તેણે આ વાત 'ધ યુનાઇટેડ ફૂડસ ઑફ અન્નપુર'ના મહામહિમ રાષ્ટ્રપતિ કચુંબરને કરી. રાષ્ટ્રપતિ કચુંબરે તેને ત્યાં રહેવાની પરવાનગી આપી તેથી બ્રેડે શાકપુરમાં પોતાનું ઘર બનાવ્યું અને ત્યાં રહેવા માંડી.

આ વાત અજાણી નથી કે જો કોઈ બહારની વ્યક્તિ તમારા દેશમાં રહેવા આવે, તો તે પોતાની સાથે તેમની સંસ્કૃતિ, રીતિ-રિવાજો, ખાનપાન, રહેણીકરણી વગેરે બધું જ લઈને આવે. અહીં પણ કંઈક એવું જ બન્યું.

શાકપુરમાં રહેવા આવ્યા બાદ બ્રેડની મિત્રતા ટેસ્ટી ટામેટાં, રોકિંગ રીંગણ, કામેળ કાકડી, બિન્દાસી ભીંડા, મસ્તી મેથી વગેરે સાથે થઈ. બ્રેડને ત્યાં ખૂબ જ મજા આવવા લાગી પરંતુ તેને તેના ચટપટાપુરના મિત્રો અને પરિવારજનો વગર એકલું એકલું લાગતું હતું. તેથી તેણે પોતાના પરિવારજનો અને મિત્રોને પોતાની સાથે રહેવા બોલાવ્યા.

બીજા દિવસે બન, પાઉં, બર્ગર, ફ્રાય, પિત્ઝા, સોડા, ડોનટ વગેરે ત્યાં રહેવા આવ્યાં. બ્રેડ આ જોઈ ખૂબ જ ખુશ થઈ ગઈ. આ બધાને આવતા જોઈ ચટપટાપુરના અન્ય નિવાસીઓ પણ અહીં આવી ધીરેધીરે વસવા માંડ્યા. થોડાક જ સમયમાં ચટપટાપુરની અડધાથી વધુ વસ્તી અહીં આવી વસવા માંડી.

આ બધાના ધ યુનાઇટેડ ફૂડસ ઑફ અન્નપુર આવવાથી દેશની વ્યવસ્થાને ખલેલ પહોંચી. દેશના ભવિષ્ય ઉપર ચટપટાપુરના ચટાકેદાર સ્વાદ અને અતંદુરસ્ત ખોરાકનો દબાવ શરૂ થયો. માનવીઓ ધીરેધીરે આ જંક ફૂડ તરફ આકર્ષાવા લાગ્યા. આ બધું જોઈ રાષ્ટ્રપતિ કચુંબરના મનમાં ચિંતા થવા માંડી. તેથી તેઓએ બધાં રાજ્યોનાં રાજા-રાણીઓને સૂચન કર્યું કે તેઓ ચટપટાપુરના નિવાસીઓને પાછા જવા કહે, પરંતુ ચટપટાપુરના નિવાસીઓએ આ વાત

અનદેખી કરી. રાષ્ટ્રપતિ દ્વારા વારંવાર સૂચન કર્યા બાદ પણ ચટપટાપુરના નિવાસીઓ ન માન્યા.

પરિણામે મોટું, ભયાનક યુદ્ધ સર્જાયું. ઓર્ગેનિક ફૂડ અને જંક ફૂડનાં લશ્કરો વચ્ચે ભયાનક યુદ્ધો છેડાયાં. હેલ્ધી ફૂડ તરફથી એક બાજુ બાદશાહ બાજરી આવ્યા, તો બીજી તરફ તેમની સામે યુદ્ધ કરવા ધમાકા દાબેલી આવી. આમ સૌ કોઈ પોતાના દેશ માટે શક્તિ અને પરાક્રમથી સહયોગ આપવા માંડ્યા. દિવસે ને દિવસે યુદ્ધ વધવા માંડ્યું. આ બધું જોઈ બુદ્ધિમતિ દૂધીબહેનના મનમાં ચિંતા થવા માંડી. તેથી તેઓ આ યુદ્ધ રોકાવવા માટે યુક્તિઓ વિચારવા માંડ્યા. ઘણો વિચાર કર્યા બાદ તેઓના મનમાં એક યુક્તિ સૂઝી.

તેમણે આ યુક્તિ બંને દેશના રાષ્ટ્રપતિને કહી. બંને દેશના રાષ્ટ્રપતિને આ યુક્તિ ગમી. તેથી તેઓએ આ યુદ્ધ રોકાવ્યું. સૌ કોઈ દૂધીબહેનની યુક્તિ જાણવા માટે આતુર હતા.

દૂધીબહેને કહ્યું, "જો આપણે સ્વાદ અને આરોગ્ય બંનેનું સંતુલિત મિશ્રણ કરીએ તો?" સૌ કોઈ આ સાંભળી રાજી થઈ ગયા, કારણ કે આ રીતે ધ યુનાઇટેડ ફૂડસ ઑફ અન્નપુર પોતાનું મિશન પણ પૂરું કરી શકતા હતા અને જંક ફૂડ પણ પોતાનું અસ્તિત્વ ન ગુમાવે. ઉદાહરણ તરીકે દૂધીબહેને રોટલીમાસીને બોલાવ્યાં. તેમની ઉપર ટેસ્ટી ટામેટાં, કેપ્સિકમ અને માસ્ટર મકાઈને બેસાડ્યાં. સાથે જ ચટપટાપુરથી આવેલા ચીઝને પણ થોડી માત્રામાં મૂક્યું. ત્યારબાદ દેશી ચૂલા ઉપર પિત્ઝા બનાવ્યા. આમ, સ્વાદનો સ્વાદ પણ જળવાઈ રહ્યો અને આરોગ્ય પણ સચવાઈ ગયું.

હેલ્ધી ફૂડ પૂરી રીતે તો જંક ફૂડનું અસ્તિત્વ કાઢી ન શક્યા પરંતુ તેઓએ આરોગ્ય અને તંદુરસ્તીને સાચવવા માટે તેમનો પૂર્ણ પ્રયત્ન કર્યો. અંતે જંક ફૂડ અને હેલ્ધી ફૂડના યુદ્ધમાં મનુષ્યના આરોગ્યનું સુરક્ષણ થયું અને સ્વાસ્થ્ય સુરક્ષાનું સિંહાસન સ્થાપિત થયું.

*બોધ:*


*જંક ફૂડની લાલચથી મન મોહી જાય,*
*હેલ્ધી ફૂડની શક્તિથી તંદુરસ્તી થાય.*

આપણે જંક ફૂડનો ત્યાગ કરી હેલ્ધી ફૂડ ખાવું જોઈએ, કારણ કે જંક ફૂડ આપણને ફક્ત સ્વાદ જ આપે છે, પરંતુ હેલ્ધી ફૂડ આપણને રોગપ્રતિકારક શક્તિરૂપી સુરક્ષા આપે છે.

**– આયુષી પરમાર**

*BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર,*
*રાંદેસણ,*

●



# સાચી મા

..............

એક સરસ મજાનાં રળિયામણા ગામમાં એક પતિ-પત્ની પોતાની દીકરી સાથે શાંતિથી રહેતાં હતાં. પતિનું નામ સુરેશ અને પત્નીનું નામ હતું સીમા. સુરેશભાઈ તેના ગામની પંચાયતની સુરક્ષાનું કામ કરતા હતા. એટલે કે તેઓ સિક્યુરિટી ગાર્ડ હતા. સીમા ખૂબ ભલી અને ભોળી હતી. તેમની દીકરીનું નામ હતું નિધિ. નિધિના વાંકડિયા વાળ, ભૂરી માંજરી આંખો, હસમુખો ચહેરો હોવાથી તે ખૂબ સુંદર લાગતી હતી. નિધિ ભણવામાં પણ ખૂબ હોશિયાર હતી.

તેમના સુખી સંપન્ન પરિવારને જાણે કોઈની નજર લાગી ગઈ. એક દિવસની વાત છે, સીમા રસોઈ બનાવવા માટે રસોડામાં ગઈ. નિધિનો શાળાએથી આવવાનો સમય થઈ ગયો હતો માટે તેને થયું કે દીકરી માટે ગરમાગરમ નાસ્તો બનાવી રાખે. એટલામાં જ ફોનની ઘંટડી રણકી. ગેસનો નૉબ ખોલીને ઉતાવળે જ સીમા ફોન પર વાત કરવા નીકળી ગઈ. પોતાની બહેનપણી સાથે લાંબા સમય સુધી વાતોનાં ગપ્પાં માર્યા બાદ ઘડિયાળ સામે નજર ગઈ ત્યારે તેને ભાન થયું કે નિધિના આવવાનો સમય થઈ ગયો છે અને તે ભૂખી થઈ હશે માટે ફોન મૂકી તે રસોડામાં ગઈ. રસોડામાં જઈ તેણે બાકસની દીવાસળી સળગાવી કે એક મોટો ધડાકો થયો.

શાળાએથી આવી રહેલી નિધિએ દૂરથી આગનો મોટો ભડકો જોયો. તે દોડી અને આસપાસનાં લોકો પણ એકઠાં થયાં. તરત જ સુરેશભાઈને જાણ કરવામાં આવી પણ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયું હતું. સીમાને બચાવી શકાઈ નહીં. નિધિ અને સુરેશભાઈ પર તો આભ તૂટી પડ્યું. સુરેશભાઈ હૈયાફાટ રુદન કરવા લાગ્યા. પાડોશીઓએ તેનાં સગાંસંબંધીઓને જાણ કરી. નિધિ કંઈ પણ સમજી શકવા માટે અસમર્થ હતી. તે વારંવાર ફક્ત મમ્મી...મમ્મી...એટલું જ બોલી શકતી હતી.

દિવસો પસાર થયા પરંતુ નિધિ અને સુરેશભાઈનું દુઃખ જરા પણ ઓછું થયું નહીં. ઘરનું કામ, નિધિની સારસંભાળ બધું જ સુરેશભાઈ માટે એકલા હાથે કરવું અશક્ય હતું.

ધીમે ધીમે સગાંવહાલાં પણ પોતાના ઘર બાજુ પ્રયાણ કરી ગયા. હવે આ ઘરમાં બચ્યાં ફક્ત બાપ-દીકરી. એકબીજાના ટેકે બંને દિવસો પસાર કરી રહ્યાં હતાં. આઠેક મહિના વિત્યા હશે કે આડોશી-પાડોશી અને સગાંવહાલાંઓએ મળીને સુરેશભાઈ સામે પ્રસ્તાવ મૂક્યો કે તેમણે હવે બીજાં લગ્ન કરી લેવાં જોઈએ. સુરેશભાઈનું મન કચવાતું હતું. તે નિધિને સાવકી માના હાથમાં સોંપવા માંગતા ન હતા પરંતુ ઘરનાં કામકાજ, રસોઈ બધું એકલાં હાથે કરી શકતા ન હોવાથી નાછૂટકે તેમણે બીજાં લગ્ન કરવાં પડ્યાં.

સુરેશભાઈની બીજી પત્ની ક્યારેય નિધિની મા બની શકી નહીં. નિધિ હંમેશાં માના પ્રેમ માટે તરસતી રહી. સમયની સાથેસાથે સુરેશભાઈનું વર્તન પણ બદલાતું ગયું. નવી પત્નીના મોહમાં તેઓ પણ અંજાયા. નિધિ મૂંગામોઢે બધું સહન કરતી રહી. સુરેશભાઈને ત્યાં દીકરાનો જન્મ થયો. નિધિને નાનો ભાઈ મળ્યો. ઘરનું તમામ કામ નિધિ ઉપર થોપી દેવામાં આવ્યું. તેને શાળાએથી પણ ઉઠાડી લેવામાં આવી. નિધિ ખૂબ દુઃખી થઈ. તેને ખૂબ ભણવું હતું. આગળ વધવું હતું. જીવનમાં કંઈક કરી બતાવવું હતું.

એક સમય એવો આવ્યો કે સુરેશભાઈ પણ નિધિની સામે ધ્યાન આપતા બંધ થયા. તેઓ ફક્ત પોતાની પત્ની અને દીકરામાં જ રચ્યાપચ્યા રહેવા લાગ્યા. નિધિને થયું હવે આ દુનિયામાં તેનું કોઈ નથી. નિધિ એકાંતમાં પોતાની મમ્મી સીમાને યાદ કરતી રે'તી અને રડતી રહેતી. સુરેશભાઈને તેની

નવી પત્નીએ એટલી હદે કાનભંભેરણી કરી કે હવે તેઓએ બંનેએ મળીને નક્કી કર્યું કે નિધિને કોઈ અનાથઆશ્રમમાં મૂકી દઈએ. નિધિ આ તમામ વાતથી તદ્દન અજાણ હતી.

એક દિવસ તેના પપ્પાએ તેને કહ્યું કે આપણે ફરવા માટે અમદાવાદ જઈ રહ્યાં છીએ. નિધિ તો રાજીના રેડ થઈ ગઈ. સવારે વહેલી ઊઠીને તૈયાર થઈ ગઈ. બંને પતિ-પત્ની નિધિ અને તેનો ભાઈ અમદાવાદની બસમાં બેસી ગયાં. નિધિ અમદાવાદનાં સપનાં સજાવતી ખુશ થતી હતી. નિધિને ક્યાં ખબર હતી કે તેને અનાથઆશ્રમમાં મૂકી એનાં માતા-પિતા એકલાં જ પરત ફરવાનાં હતાં. અમદાવાદના બસ સ્ટેન્ડ પર ઊતર્યાં. ત્યાંથી બધાં સામેની બાજુ રસ્તો ઓળંગી રહ્યાં હતાં. ત્યાં જ તેનો ભાઈ તેના પપ્પાના હાથની આંગળી છોડાવતો ફુગ્ગાવાળા બાજુ દોડ્યો. સામેથી પૂરપાટ ઝડપે મોટરકાર દોડી આવતી હતી. ઘડીના છઠ્ઠા ભાગમાં બધું બની ગયું. નિધિએ જોયું કે જો તેના ભાઈને ઝડપથી ત્યાંથી ખસેડવામાં નહીં આવે તો ગાડી તેના પર ફરી વળશે. નિધિએ દોટ મૂકી. તેણે પોતાના જીવની પણ પરવા કર્યા વગર પોતાના ભાઈને ત્યાંથી ધક્કો મારી બીજી બાજુ ધકેલી દીધો અને પોતે ગાડી સાથે અથડાઈ. નિધિ ત્યાં જ બેભાન થઈ ઢળી પડી.

નિધિના પપ્પા બધું બાઘાની જેમ જોઈ રહ્યા. તે સમજી શક્યા નહીં કે શું થઈ ગયું? લોકો એકઠાં થઈ ગયાં. નિધિના માથામાંથી સખત લોહી વહી રહ્યું હતું. કોઈએ એકસો આઠને ફોન કર્યો અને નિધિને હોસ્પિટલ પહોંચાડવામાં આવી.

નિધિનો ભાઈ તો બચી ગયો પણ નિધિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. તેનું ઓપરેશન કરવામાં આવ્યું. ડૉક્ટરએ કહ્યું કે તેની બચવાની શક્યતાઓ ખૂબ ઓછી છે. નિધિના પિતાને હવે દીકરીને ખોવાની તકલીફ સમજાઈ. તેઓ ખૂબ દુઃખી થયા. તેમને નિધિના બાળપણના દિવસો યાદ આવ્યા જ્યારે તે કાલીઘેલી ભાષામાં પહેલુંવહેલું 'પપ્પા' એમ બોલી હતી. તેને પોતાની પત્ની સીમા પણ આજે ખૂબ યાદ આવી રહી હતી. તે ચોધાર આંસુએ રડી રહ્યાં હતા.

પોતે શું કરવા જઈ રહ્યાં હતા? તે વિચારી તેઓ ધ્રૂજી ઊઠ્યા. જો પોતાની દીકરીને અનાથઆશ્રમમાં મૂકી દીધી હોત તો પોતાનાથી કેવડી મોટી ભૂલ થઈ ગઈ હોત. તેઓ ઈશ્વર પાસે હવે પોતાની દીકરીને બચાવી લેવા માટે પ્રાર્થના કરી રહ્યા હતા. અંતે તેમની પ્રાર્થના ફળી. ઓપરેશન સફળ થયું. પાંચ દિવસ બાદ નિધિને હોસ્પિટલમાંથી રજા મળી. હવે તે સાચા અર્થમાં પોતાની દીકરીને પરત લઈ જઈ રહ્યા હતા. જ્યારે નિધિની નવી માએ કહ્યું કે આપણે તેને ઘરે નથી લેવી ત્યારે સુરેશભાઈએ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે નિધિ તેના જીવનનો અભિન્ન ભાગ છે. તે હંમેશાં તેની સાથે જ રહેશે. પોતાની દીકરીને ક્યારેય પણ તેઓ પોતાનાથી અળગી નહીં કરે. સુરેશભાઈએ તેમની પત્નીને સમજાવ્યું કે નિધિએ પોતાના જીવના જોખમે પણ તેના દીકરાને બચાવ્યો છે. આજે જો તેનો દીકરો જીવતો છે તો ફક્ત ને ફક્ત તેને લીધે.

નિધિની નવી મમ્મીને હવે પોતાના વર્તન પર પારાવાર અફસોસ થયો. તેને સમજાયું કે મા આખરે મા હોય છે અને બાળક હંમેશાં માના પ્રેમનું તરસ્યું હોય છે. તેણે નિધિને પોતાની દીકરી તરીકે સ્વીકારી. આજે એ મા-દીકરીનું સાચું મિલન થયું. નિધિને મા મળી ગઈ હતી હવે તેને બીજું કશું જોઈતું ન હતું. એટલે જ તો કહેવાય છે કે બુદ્ધિ વગરનું બળ નકામું; દીકરી વગરનું ઘર નકામું.

**– પ્રિયા ખેંગાર**

*શ્રી વેરાવળ કન્યાશાળા, વેરાવળ*

●



# પ્રેરક ચિઠ્ઠી

માયાનગરી નામનું એક રાજ્ય હતું. આ રાજ્યમાં આવનારી વ્યક્તિ આ માયાનગરીની માયામાં પડીને ત્યાં જ સ્થાયી થઈ જતી. આ વિકસિત નગરીમાં એક વિકાસ નામનો માણસ પોતાના જીવનની સુરક્ષા માટે ચિંતિત રહેતો. પોતાના જીવનને સુરક્ષિત રાખવા માટે સતત પ્રયત્નશીલ પણ રહેતો.

વિકાસ ભણેલો હોવા છતાં તેને કોઈ કામ મળ્યું ન હતું. એવું ન હતું તે કામ કરવા નહોતો ઇચ્છતો કે તે આળસુ હતો પણ એને એવું લાગતું હતું કે કિસ્મત હંમેશાં તેનાથી બે ડગલાં પાછળ રહેતું. તે ખૂબ આર્થિક ભીડમાં રહેતો હતો. પણ તેણે ક્યારેય ચોરી કરીને કે ખોટી રીતે પૈસા કમાવાનું વિચાર્યું ન હતું. તે હંમેશાં પ્રામાણિકતામાં વિશ્વાસ રાખતો હતો. એમ કહી શકાય કે વિકાસનું જીવન બહુ અઘરું હતું.

એક દિવસ વિકાસ સવારથી કામ શોધવા નીકળી પડે છે. બહુબધા લોકોને મળી કામની માંગણી કરે છે પણ તેને ફક્ત નિરાશા જ મળે છે. અને તેણે વિચારી લીધું હતું કે તેણે આજનો દિવસ પણ ખાધા વગર કાઢવો પડશે.

પણ કહેવાય છે ને કે જ્યારે બધા દરવાજા બંધ થઈ જાય ત્યારે ઈશ્વર એક દરવાજો તો ખોલે જ છે. વિકાસ સાથે પણ કંઈક આવું જ થયું.

એક વૃદ્ધ માણસ વિકાસની બાજુમાંથી પસાર થાય છે. તેના ખભા પર 3 થેલા હતા. તેમની નજર વિકાસ પર પડે છે અને તેને હતાશ જોઈ તે પૂછે છે, "તારું નામ શું છે અને તું આમ હતાશ થઈ રસ્તા પર કેમ ફરે છે?"

આનો ઉત્તર આપતા વિકાસ કહે છે, "મારું નામ વિકાસ છે અને હું કામ શોધવા સવારનો રસ્તા પર ફરી રહ્યો છું પણ કોઈ કામ આપવા તૈયાર જ નથી. મારી પાસે ખાવા માટે પૈસા પણ નથી."

આ સાંભળી વૃદ્ધ માણસ થોડું વિચારીને વિકાસને તેની

ઓળખાણ આપતાં કહે છે, "મારું નામ નીલકંઠ છે અને હું તને કામ આપવા તૈયાર છું."

આ સાંભળતાં જ વિકાસનાં મોં પર સ્મિત આવી જાય છે અને તે ઉત્સાહિત થઈને કહે છે, "હું કંઈ પણ કામ કરવા તૈયાર છું" પણ નીલકંઠ તેને ત્યાં જ રોકીને એક શરત મૂકે છે કે તેના વિશે વિકાસે કંઈ વધુ ન પૂછવું. વિકાસ તેની શરત માની લે છે. ત્યારે નીલકંઠ કહે છે, "મારા ખભા પર લટકતાં આ ત્રણ થેલામાંથી હું તને એક થેલો ઊંચકવા આપીશ. જેના હું તને ૨ સોનાના સિક્કા આપીશ". વિકાસ એક થેલો ઉપાડી લે છે. થેલો ઉપાડતા જ તેને થેલો ખૂબ ભારે લાગે છે પણ કામ મળવાની ખુશીમાં તે કંઈ પૂછતો નથી અને આગળ વધતો જાય છે. પણ મનમાં ને મનમાં તે વિચારતો રહે છે કે એ થેલો આટલો ભારે કેમ હશે!

તેમની મંજિલ સુધી પહોંચવા માટે તેમણે નદી પાર કરવી જરૂરી હોય છે. વિકાસ તો સરળતાથી નદી પાર કરવા લાગે છે અને ઝડપથી અડધે સુધી પહોંચી જાય છે. અડધે પહોંચતાની સાથે જ તે પાછળ નીલકંઠને જોવા વળે છે. તે જુએ છે કે નીલકંઠ તેમની ઉંમરને કારણે આગળ વધી શકતા નથી. આ દૃશ્ય જોતાં જ વિકાસ પાછો વળે છે.

તે પૂછે છે, "તમને આ થેલા ઊંચકવામાં મુશ્કેલી થતી હોય તો તમે મને આ બે થેલામાંથી કોઈ એક થેલો આપી દો." નીલકંઠ તેને એક થેલો આપતાં કહે છે, "હું તને તારી મહેનતનું વળતર આપીશ, તને આ થેલાના બદલામાં બીજા

૨ સોનાના સિક્કા આપીશ.” આ સાંભળી વિકાસ ખુશ થાય છે અને બંને થેલા ઊંચકીને તે આગળ વધે છે. તેને બીજો થેલો પણ એટલો જ ભારે લાગે છે. આ વખતે પણ કંઈ પૂછ્યા વગર તે આગળ વધે છે.

આગળ થોડો ચઢાણવાળો રસ્તો આવે છે. નીલકંઠ ઘણો થાકી ગયો છે. તે વિકાસને કહે છે, “આપણે અહીં થોડો વિરામ લઈએ.” એમ કહી તે બંને બાજુમાં પડેલા એક પથ્થર પર બેસી જાય છે. ત્યારે પણ વિકાસના મનમાં એ જ પ્રશ્ન થાય છે અને આ વખતે તે હિંમત કરીને નીલકંઠને પૂછી જ લે છે, “આ બંને થેલા ખૂબ ભારે છે, તેનું કારણ શું છે?”

નીલકંઠ તેની સામે એક હળવું સ્મિત કરીને કહે છે, “શરત મુજબ તો તું મને કશું પૂછી ન શકે પણ તું મને એક સરળ વ્યક્તિ લાગે છે તેથી હું તને જણાવું છું કે પહેલા થેલામાં પરચૂરણ છે અને બીજામાં મોતી છે.”

નીલકંઠ જાણે વિકાસના મનની વાત વાંચી શકતો હોય તેમ તેણે વિકાસને પૂછ્યું, “વિકાસ, હું તારી ઉપર વિશ્વાસ તો કરી શકું છું ને?”

વિકાસે નીલકંઠ સામે નજર મેળવ્યા વગર જ કહ્યું, “હા હા કેમ નહીં! તમે મારી પર વિશ્વાસ રાખી શકો છો”.

આ વાતથી નીલકંઠને થોડી રાહત થાય છે અને બંને આગળના ચઢાણ માટે તૈયાર થાય છે. થોડું ચાલ્યા બાદ વિકાસ જુએ છે કે નીલકંઠને ચઢાણવાળા રસ્તા પર ચાલવામાં તકલીફ પડી રહી છે. વિકાસ ફરી તેને મદદ માટે પૂછે છે.

ત્રીજો થેલો આપતી વખતે નીલકંઠ વિકાસને કહે છે, "હું તારા પર વિશ્વાસ રાખી તને આ ઘરેણાંથી ભરેલો થેલો આપું છું. તું મને વચન આપ કે તું મારી સાથે વિશ્વાસઘાત નહીં કરે. મારી ઉંમર હોવાને કારણે હું તારા જેટલી ઝડપથી તો નહીં ચાલી શકું તેથી હવે આપણે નક્કી કરેલી મંજિલે જ મળીશું."

નીલકંઠ ફરી એક વખત વિકાસને પૂછે છે, "તું આ થેલા લઈને ભાગી તો નહીં જાય ને?"

વિકાસ થોથવાતા થોથવાતા કહે છે, "ના ના, હું નહીં ભાગું."

આટલું જ બોલતાં વિકાસ આગળ વધવા લાગે છે. રસ્તાની માફક વિકાસના વિચારોમાં પણ ઉતાર-ચઢાવ ચાલુ થઈ જાય છે. તેની નજર સામે તેના ગરીબીના દિવસો દેખાવા લાગે છે અને તેનાં આદર્શો અને મૂલ્યો પર તેની પરિસ્થિતિ હાવી થઈ જાય છે. તેને વિશ્વાસ હતો કે નીલકંઠ તેને પહોંચી શકે તેમ નથી તેથી તે ત્રણેય થેલા લઈ ત્યાંથી ભાગી જવાનું નક્કી કરે છે. અને તે વિચારે છે કે આજે કિસ્મત તેની સાથે છે અને હવે તેને તેનું ભવિષ્ય ખૂબ જ ઊજળું દેખાય છે.

થેલા લઈ તે ઘરે આવે છે અને ખૂબ ઉત્સાહથી થેલા ખોલવા માંડે છે, પણ થેલા ખોલતા જ તેનો ઉત્સાહ વિષાદમાં બદલાઈ જાય છે. તે જુએ છે કે થેલામાં પરચૂરણ, મોતી અને ઘરેણાંની જગ્યાએ પથ્થર નીકળે છે અને તેની સાથે એક ચિઠ્ઠી પણ છે. તે આશ્ચર્ય સાથે ચિઠ્ઠી ખોલે છે અને વાંચે છે : "હું આ માયાનગરી રાજ્યનો રાજા. અને મારી ઉંમર થવાને

કારણે હું એક એવા પ્રામાણિક વ્યક્તિની શોધમાં હતો કે જેના હાથમાં હું મારું રાજ્ય સોંપી શકું. જ્યારે હું તને મળ્યો ત્યારે મને તારામાં તે વ્યક્તિ દેખાયો પણ હવે તને તારો જવાબ મળી ગયો હશે!"

આ વાંચી વિકાસને અત્યંત અફસોસ થાય છે અને આજે એની કિસ્મત પર તેની ખોટી નિયત હાવી થઈ જતી લાગે છે. આંખમાં ઝળઝળિયાં સાથે તે ચિઠ્ઠી તાકતો બેસી રહે છે.

*બોધઃ*

*કોઈ પણ પરિસ્થિતિમાં આપણે આપણાં મૂલ્યો અને આદર્શો સાથે સમાધાન ન કરવું જોઈએ.*

*– વિહાના ભટ્ટ*

*ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ*

●